بسم الله الرحمٰن الرحيم

# Central Moon Sighting Committee of Great Britain

Jamiatul Ulama Britain, Darul Uloom Bury, Hizbul Ulama UK

## બર્મિંગહામ યુ.કે.ની રમઝાનના ચાંદની ગવાહી ૧૦૦% સહીહ છે– આ રોઝાની કઝા કરવું જરૂરી છે–મજલિસે ઉલમા સાઉથ આફ્રિકા

વહાલા વાંચક ભાઈ–બહેનો, અસ્સલામુલ અલયકુમ વ. વ.

આપને યાદ હશે કે રમઝાન ૧૪૩૧ હિજરીના મૌકા ઉપર બર્મિંગહામ –યુ.કે. ખાતે ચાંદ જોવાયો હતો, તે બાબત જેમનો બુધવારનો રોઝો છૂટી ગયો હતો તે વિશે દારુલ ઉલૂમ દેવબંદનો ફત્વો વેબસાઈટમાં આપ વાંચી ચૂક્યા છો. જેમાં છે કે જે લોકોએ ચાંદ જોયો છે તેઓ માતબર અને સહીહ છે અને છૂટી ગયેલ **રોઝાની કઝા કરવી જરૂરી છે,** નહીં તો સખત ગુનેહગાર થશે. સાથે જ મુફ્તી સાહેબે લખ્યું છે કે જેઓ ખગોળશાસ્ત્રીય ન્યુ મૂન થિયરી અને તેના હિસાબોને શરઈ ચાંદ અને તેની શહાદતની ચકાસણી તરીકે વાપરી એને કબૂલ કે રદ કરે છે, તેઓ ગુમરાહી ઉપર છે. કારણ કે, દીનમાં આ હિસાબોને રસૂલ (સ.અ.વ.)એ બાતિલ અને ગેરમાતબર બતાવ્યા છે, જેના ઉપર સહાબએ કિરામ (રદિ.) તથા ઉમ્મતનો ઈજ્માઅ્ છે. વધુમાં મુફ્તી સાહેબોએ ખગોળશાસ્ત્રીય વિચારસરણીવાળાઓને ગુમરાહીથી બચી "**સીરાતે મુસ્તકીમ**" ઉપર પરત આવી જવા નહીં તો સખત ગુનેહગાર થશે જણાવી ચેતવ્યા છે.

દારુલ ઉલૂમ દેવબંદના ફતવાબાદ હવે નીચે મજલિસુલ ઉલમા સાઉથ આફ્રિકાનો એવો જ ફત્વો વાંચો.

## મજલિસે ઉલમા સાઉથ આફ્રિકા – ચાંદ કમિટીનો સવાલ અને ફતવો

**સવાલ :** મોહતરમ મુફ્તી અબ્દુસ્સમાર દેશાઈ સાહીબ હફીઝહુલ્લાહ

ગુજારીશ આ છે કે, અમારે ત્યાં યુ.કે.માં રમઝાન ૧૪૩૧હિજરીના મૌકા ઉપર ૨૯મી શા'બાન ૧૪૩૧(૧૦ ઓગષ્ટ ૨૦૧૦) મંગળવારની સાંજે બર્મિંગહામ શહેરમાં ત્રણ ભાઈઓએ ચાંદ જોયો, તેમની ગવાહીઓને સેંન્ટ્રલ ચાંદ કમિટી બ્રિટનના એક ડેલીગેશને બર્મિંગહામ જઈ રૂબરૂ મળી સાંભળી અને લખાણ ઉપર સાઈનો લીધી.

આ ત્રણમાં એક આલિમે દીન છે, બીજા હાફિઝે કુર્આન અને ત્રીજા ભાઈ ઘણા સમયથી તબ્લીગી જમાઅતના કામમાં જોડાયેલા છે. આ બધા સાહિબે તરતીબ ભાઈઓ છે. (યાદ રહે કે અહીંયાં ચાંદ કમિટીના પાછલા ૨૫ વર્ષોથી ચાલી આવતી ૨૯મી તારીખ પ્રમાણેની સાંજે ૨૦ વાર ૨૯મીની સાંજે ચાંદની શહાદતો રેકોર્ડ થઈ છે. જેમાં ખાસ કરી એક વખત દારુલ ઉલૂમ બરીનાં ૮ તથા બીજા મૌકા ઉપર દારુલ ઉલૂમ લેસ્ટરના ૩ પુખ્ત વયના તલ્બાઓની ગવાહીઓનો પણસમાવેશ થાય છે.)

ઉપર પ્રમાણે બર્મિંગહામ ખાતેની ચાંદની શહાદત અને ગવાહીઓ છતાં અમુક લોકોએ આ ગવાહીઓને એવું જણાવી રદ–બાતલ કહી કે, "ન્યુ મૂન થિયરીઓનાં ખગોળશાસ્ત્રીય હિસાબ પંમાણે આ દિવસે આ સમયે આ ચાંદ જોઈ શકવાની કોઈ શક્યતા ના હતી ! ચાંદ કમિટી તરફથી મજકૂર ગવાહીઓ લીધા બાદ પબ્લીકને જાણ કરવામાં આવી હતી કે જેઓ બુધવારનો પહેલો રોઝો ચૂકી ગયા છે તેમના ઉપર એની કઝા કરવી વાજિબ છે, નહીં તો સખત ગુનેહગાર થશો.

પરંતુ જેઓ ચાંદની ગવાહીને કબૂલ કરવા નહીં કરવા બાબત ખગોળશાસ્ત્રીય થિયરીને કસોટી માને છે, તેઓએ ઈ.સ. પૂર્વે ૪૩૧માં થઈ ગયેલ મૈતૂન (METON) નામી ફિલસૂફની ચાંદના હિસાબની થિયરી ઉપર (રસૂલ સ.અ.વ.તથા ઈસ્લામવિરુદ્ધ) વિશ્વાસ કર્યો, આ તે જ થિયરી છે, જેના ઉપર યહૂદી લોકોના મોટા રબાઈ હાલેલ બીજાએ ભરોસો કરીને મુસા (અલૈ.)ના દીનમાંથી ચાંદની શરઈ સાબિતીનામસઅલહમાં તહરીફ અને ફેરબદલ કરી **સીરાતે મુસ્તકીમ**થી એઓને ગુમરાહ કર્યા હતા. જ્યારે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.)એ હદીષે ઉમ્મીથી આ બધા હિસાબોને રદબાતલ કરી આપ્યા છે. આ લોકો કુર્આનની આયત الشمس والقمر بحسبان ને આ મૈતૂનીક સાયકલ થિયરી (METONIC CYCLE THEORY) સાથે બંધ બેસાડે છે !

આ લોકોએ આ પ્રમાણે બર્મિંગહામની ગવાહીઓને નહીં માનીને રમઝાનનો પહેલો રોઝો કઝા કરવાની ના પાડી . હવે, લોકો બીચારા વીમાસણમાં છે અને કહે છે કે આમો રોઝો કઝા નહીં કરીએ તો એનો ગુનોહ તે લોકોને થશે જેઓ કઝા કરવાનું ના કહે છે !

**ઉપરના લખાણ મુજબ નીચેના સવાલોનો જવાબ આપવા મહેરબાની કરશો.** (વધુ માટે જુઓ પાનું ૨)

**(૧)** શું શરીઅતમાં બર્મિંગહામની ગવાહીઓને ઘડી કાઢેલ ખગોળશાસ્ત્રીય ન્યુ મૂન ચંદ્ર દર્શન થિયરી પ્રમાણે રદ કરવું બરાબર છે ?

**(૨)**જે લોકો મજકુર રોઝાની કઝા નહીં કરવાનું જે કારણ દર્શાવે છે (કે " આ રોઝો કઝા નહીં કરીએ તો તેનો ગુનોહ અમોને નહીં થાય, બલકે જેઓ ગવાહીઓ રદ કરી કઝાનું ના પાડે છે તેમના ઉપર થશે") તો શું આ પ્રમાણે માનવું બરાબર છે ? કે પછી એમના ઉપર રોઝો કઝા કરવું વાજિબ છે ?

જવાબ આપી મહેરબાની કરશો. –જઝાકુમુલ્લાહ.

મોલ્વી યાકુબ અહમદ મિફતાહી

(નાઝીમ હિઝબુલ ઉલમા –યુ.કે., સેન્ટ્રલ ચાંદ કમિટી –ગ્રેટ બ્રિટન, ૪ રબિ.સાની ૧૪૩૨હિ. બુધવાર ૯ માર્ચ ૨૦૧૧)

## ———————— સવાલનો જવાબ ————————

## મજલિસે ઉલમા સાઉથ આફ્રિકા તરફથી અમારા ઉપર મુજબના સવાલોના જવાબો

**જવાબ :** અસ્સલામુ અલયકુમ વ.વ. ૭ રબીઉલ આખીર ૧૪૩૨ (૧૨ માર્ચ ૨૦૧૧)

મોલ્વી યાકુબ અહમદ –ઈંગ્લેન્ડ

**વિષય :** તમારા ૧૦ માર્ચ ૨૦૧૧ના ઈ–મેઈલ સવાલના જવાબમાં

– જયારે લોકો (સીરાતે મુસ્તકીમ વિરુદ્ધ)ગુમરાહીનો રસ્તો અપનાવશે તો સ્પષ્ટ મસ્અલામાં પણ અડચણો ઊભી કરશે. જેમકે, ઈસ્લામી મહીનો શરૂ કરવા તેમજ પૂરો કરવા બાબતના મસ્લઅલા માટે દીનમાં પૂરા રોશન ચંદ્ર જેમ સ્પષ્ટ અને શકશુબહ કે ગૈરયકીની જેવું કંઈ જ નથી.

– રસૂલુલ્લાહ (સ.અ.વ.)ના જમાનાથી ઉમ્મતનો ઈજ્માઅ ચાંદરાતને ૨૯મીની સાંજે (ખગોળશાસ્ત્રીય ન્યુ મૂન થિયરીના આધારે હિસાબને તા'બે કરી એને આધાર બનાવ્યા વગર)આંખે જોઈને અમલ કરવા ઉપર છે. – શયતાની વિચારધારણાવાળાઓ ચાંદરાતની સાબિતી માટે શરઈ ''નસ'' (કુર્આન–હદીષ અને સુન્નતે રસૂલ સ.અ.વ.)ને ખગોળશાસ્ત્રીય ન્યુ મૂન થિયરીના હિસાબોથી (આધારિત કરીને) બદલી નાંખવા માંગે છે તેઓ કુફ્ર જેમ ગુનોહ કરવાવાળા જેમ છે. કારણ કે, તેઓએ રસૂલ (સ.અ.વ.)ના ચાંદરાત જોવા અને ગવાહી કબૂલ કરવા બાબત હુકમનું ખુલ્લમ–ખુલ્લું ઉલ્લંઘન કરી એને ધુતકારી આપ્યું. (જેમકે તેઓ માને છે કે ખગોળશાસ્ત્રીય હિસાબો કહે છે કે સાંજે ચાંદ નહીં થશે, પરંતુ શરઈ ગવાહે ગવાહી આપી કે મેં ચાંદ જોયો તો તેને માનવામાં નહીં આવશે.)

– સવાલમાં જણાવેલ ત્રણ ગવાહોની ગવાહી બિલકુલ ૧૦૦% સહીહ છે, જે કબૂલ કરવામાં આવી છે અને એમની આ ગવાહીના આધારે બીજા દિવસે રોઝો રાખવો વાજિબ હતો.

– જે લોકોએ (બર્મિંગહામ –યુ.કે.ની) મજકૂર ગવાહીને રદ કરી બીજા દિવસે રોઝો નથી રાખ્યો તેમના ઉપર આ રોઝાની કઝા કરવી જરૂરી છે.

– એમનો ઉઝર કે હમોને કઝા કરવાથી રોકવામાં આવ્યા છે તે બાતિલ અને બિનભરોસાપાત્ર વાત છે, કેમકે એઓના માથા ઉપર કોઈ બંદૂક લઈને તો ઊભો નથી કે, જો રોઝો કઝા કરશે તો તે મારી નાંખશે ! ખરી રીતે તો એઓનો ''નફ્સ'' એમને રોઝો કઝા કરવાથી રોકી રહ્યો છે.

– જો તેઓ રોઝો કઝા નહીં કરે તો એઓ એમની કબરમાં રોઝો કઝા નહીં કરવાનો ગુનોહ લઈને જશે અને તે કયામતના દિવસે એમની સામે લાવવામાં આવશે.

ફક્ત વસ્સલામ

(મુફતી) અબ્દુસ્સમાર દેશાઈ (હફીઝહુલ્લાહ)

Central Moon Sighting Committee of Great Britain
Hizbul Ulama UK, Darul Uloom Bury, Jamiatul Ulama Britain,
74 C Upton Lane London E7 9LW
Phone No. 07866464040, 01707 652 6109, 07866 654471, 07957 205726
Website: www.hizbululama.org.uk E-mail : info@hizbululama.org.uk